અપીલ અરજી નં.૧૯૨ તા.૧૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દયારામ રવજીભાઈ કોટક

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દયારામ રવજીભાઈ કોટકની તા.૨૮–૭–૦૯ ની અરજીથી રે.સ. નં.૧૪૭–૧૫૨ પૈકી પ્લોટ નં.૨૪ માં કબ્જેદાર તરીકે નિલોફર બચુભાઈ ભગત નું નામ કયા વર્ષથી? કયા, કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની પુરાવા સાથેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૨/૨૦૦૯–૧૦

શ્રી દયારામ રવજીભાઈ કોટકની તા.૨૮–૭–૦૯ ની અરજીથી રે.સ. નં.૧૪૭–૧૫૨ પૈકી પ્લોટ નં.૨૪ માં કબ્જેદાર તરીકે નિલોફર બચુભાઈ ભગત નું નામ કયા વર્ષથી? કયા, કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની પુરાવા સાથેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/૩૦૪ તા.૫–૯–૦૯ થી આપેલ માહિતીમાં પુરાવાની નકલ ન મળ્યા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૩ તા.૨૩–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૮–૭–૦૯ ની અરજીથી રે.સ. નં.૧૪૭–૧૫૨ પૈકી પ્લોટ નં.૨૪ માં કબ્જેદાર તરીકે નિલોફર બચુભાઈ ભગત નું નામ કયા વર્ષથી? કયા, કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની પુરાવા સાથેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં. ૩૦૪ તા.૫–૯–૦૯ થી " રે.સ. નં.૧૪૭ –૧૫૨ પૈકી પ્લોટ નં.૨૪ સંત તુકારામ સોસા.–૨ ના ટેના નં.૧૬ડી–૨૦ –૫૫૧૫ –૦–૦૦૧ મિલ્કત ઉપલબ્ધ રેકર્ડ ૧૯૯૧–૯૨ ના એસેસમેન્ટ રજીસ્ટરની ડે.કમિશ્નરશ્રીના તા.૧–૫–૯૧ ના હુકમના આધારે તા.૧–૪–૮૪ થી આકારણી દાખલ કરેલ જેની એસેસમેન્ટ નકલ પણ રજૂ કરેલ છે. જેમાં કબ્જેદાર તરીકે નિલોફર બચુભાઈ ભગતનું નામ દાખલ કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી કયા પુરાવાના આધિન નામ દાખલ કરવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી કયા પુરાવાના આધારે નામ દાખલ કરવામાં આવેલ છે તેવી કોઈ વિગતો અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. કે ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત જણાવ્યા મુજબની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોય દફતરી ઉપલબ્ધ માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ પ્રક્રિયા અનુસારી ઉચિત નિર્ણય લઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અગર કાયદાની કલમ–૧૧(૧) હેઠળ યોગ્ય તે નિર્ણય અરજદારને જણાવવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દયારામ રવજીભાઈ કોટક,